## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે એથ્લેટિક સ્પર્ધા યોજાઇ

તા. ૨૨-૨૩ ફેબ્રુઆરી દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે એથ્લેટીક સ્પર્ધામાં યુનિવર્સિટીની ૧૦ કોલેજ, અને ૫ પોલીટેકનીકના ૨૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. આ સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જીલ્લા વિકાસ અધિકારી શ્રી એ.પી.યાદવ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડો.એન.સી.પટેલ સ્પર્ધાના પ્રમુખ તરીકે હાજર રહી પ્રાસંગિક પ્રવચન આપેલ. બે દિવસીય આ સ્પર્ધામાં ૧૦૦, ૨૦૦, ૪૦૦ મી દોડ, ૧૦૦ x ૪ રીલે દોડ, ગોળા ફેંક, ડીસ્ક ફેંક, લાંબી કૂદ, ઊંચી કૂદ વગેરે રમતો માં યુનિવર્સિટીના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહ્પૂર્વક ભાગ લીધેલ. સ્પર્ધાના સમાપન કાર્યક્રમમાં માન, કુલપતિશ્રીનાં હસ્તે વિજેતાઓને તેમજ આ.કૃ.યુ.ની રાજ્ય સ્તરે જૂદી-જૂદી રમતોમાં પ્રથમ અને દ્વિતીય સ્થાન પામેલ ટીમોને સર્ટીફિકેટ અને ઇનામ વિતરણ કરવામાં આવેલ. આ તકે માન. કુલપતિશ્રી એન.સી.પટેલએ જણાવેલ કે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડી વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા ખીલે છે તેમજ વિવિધ રમત-ગમત દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે.

આ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેક્નોલોજી અને બાયો-એનર્જીના વિદ્યાશાખાધ્યક્ષ ડો.ડી.સી.જોશી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિના નિયામકશ્રી ડો.સંજય અકબરી તથા વિવિધ સમિતીઓના સભ્યોએ સારી જહેમત ઉઠાવેલ.






